ગાંધીનગર સમાચાર





## સુપ્રભાતમ્

સુરેશ પ્રા. ભટ્ટ
079-23226251

### સલામી સવારની..

*સત્તાલક્ષી નેતાનો વહીવટ ભંગાર હોય છે,*
*કામ કંઈ કરે નહીં, ખોટી ભરમાર હોય છે,*
*તલભાર થતો ન વિકાસ, કારાગાર સિવાય -*
*અંધેરી-નગરી ન્યાયે પોલીસ ગુનેગાર હોય છે..*
*(મોટાં પેટવાળાને જોઈને ચઢાવો સૂડીએ)*

હાઈકુ

*ખરા ટાઈમે -*
*બેસી જાય બોડમાં,*
*જા બિલ્લી, કુત્તે..*
*(પોલીસ ભરોસે)*

*ભીડ જોઈને*
*આવી જાય હિંમત*
*અલ્ટીમેટમ!*
*(મર્યાદા ભંગ)*

### ચિંતન

**દાનેન તુલ્યો વિધિ રસ્તિ નાન્યો, લોભાચ્ચઃ નાન્યા અસ્તિ પરઃ પૃથિવ્યામ્ ।**
**વિભૂષણં શીલ સમં ન ચાન્યત્સંતોષ તુલ્યં ધનમસ્તિ નાન્યત્ ॥**

'આ પૃથ્વી ઉપર દાન આપવા જેવી- બીજી કોઈ ઉત્તમ ક્રિયા નથી; અને લોભ જેવો બીજો કોઈ શત્રુ નથી. શીલ-સદાચાર-ચારિત્ર્ય-સારા-સ્વભાવ જેવું બીજું કોઈ આભૂષણ નથી, અને સંતોષના જેવું બીજું કોઈ ધન નથી.'

આપણને જે સંપત્તિ મળી છે એમાંથી દસ ટકા દાન કરવું જ જોઈએ આમ તો બે રોટલી અને પાંચ-છ ફૂટની જગ્યા સિવાય આપણો આ સંપત્તિ પર કંઈ જ અધિકાર નથી. છતાં જરૂરિયાત જેટલું રાખી દાન આપવું જોઈએ. પુત્રો-પેઢીઓ સૌ પોતાના ભાગ્ય સાથે જ જન્મે છે. તું સાત પેઢીની ચિંતા કરીશ તો પણ એમના કર્મ-ભાગ્યમાં નહીં હોય તો એને નહીં જ મળે માટે દાન કર.

લોભ કરવાથી - સંગ્રહ કરવાથી વ્યક્તિ જાતે તો ભોગવ્યા વિના દુઃખી થાય જ છે પણ તેનો પરિવાર પણ એ લોભી-વૃત્તિથી દુઃખી થઈ જાય છે. લોભ પોતાના વિચાર-આચરણ પર પણ પ્રભાવ પાડે છે.

આથી સદ્-ચારિત્ર્ય, સારો નમ્ર-વિવેકી ઉદાર સ્વભાવ રાખવો-ક્ષમા અને ત્યાગ સાથે સદ્ ચારિત્ર્ય એ આ જીવનનું ઉત્તમ આભૂષણ છે. 'સંતોષ' બધાં જ ગુણોનું મૂળ છે.

### સુવિચાર

- અસત્યનાં શરીર પર જયારે દંભના વસ્ત્રો ચડે છે ત્યારે
  એ અસત્યને ઓળખવામાં ભલભલા મહારથીઓ પણ થાપ ખાઈ જાય છે - **રત્નસુંદર વિજયજી**
- ઈનામ કે ધનદોલત તમને સામે ચાલીને મળી આવશે પણ જ્ઞાન તો મહેનતથી મેળવવું પડશે - **જે. કૃષ્ણમૂર્તિ**
- બગડેલા કેસને જે સુધારે તે વકીલ કહેવાય,
  પણ કેસને બગડવા ન દે તે વડીલ કહેવાય - **એસ.એમ.એસ.**
- અમીર એટલા બનો કે ગમે તેટલી કિંમતી વસ્તુ ખરીદી શકો અને
  કિંમતી એટલા બનો કે દુનિયાનો અમીર પણ તમને કરીદી ન શકે - **એસ. ભટ્ટાચાર્ય**
- સ્વાર્થી માણસ આપણી નજીક આવે પછી ખબર પડે છે કે એ સ્વાર્થી છે...
  નિઃસ્વાર્થી માણસ આપણાથી દૂર થાય પછી ખ્યાલ અવે કે તે નિઃસ્વાર્થ હતો - **નવનીત**
- પ્રભુ હંમેશા આપણી આપણી પ્રાર્થનાઓ સાંભળે છે
  ત્યારે પણ જયારે આપણી પાસે શબ્દો નથી હોતાં - **અખંડ આનંદ (સંકલન : દીપક વી. આસરા)**

### બોધકથા

આપણે આ પૃથ્વી પર જન્મ લીધો છે તે ક્ષણથી જનસમાજ- સંસારનું 'ઋણ' ચઢવાનું મીટર પર શરુ થઈ જાય છે. જે 'હોસ્પિટલ' માં જન્મ્યા એ કોઈ દાનવીરે બંધાવી હોય કે 'સરકારી' હોય - એટલે કે 'જનસમાજ'ની (કર આપીને બાંધેલી) દૂધ-પાણી-અનાજ બધામાં કોઈકની સેવા-પરિશ્રમનું ઋણ છે જ. આપણે પણ થઈ શકે તે જનસમાજની સેવા કરવી. છેક ઘરમાં પણ થઈ શકે તે બધું જ કામ કરવું. આ મારું કે તારું કામ - હું શું કામ કરું?

વન-જંગલમાં એક આશ્રમ હતો ત્યાં વિશાળ - મોટાં દેવદારનાં વૃક્ષો હતા. આશ્રમમાં ગુરુની સાથે પચ્ચીસેક શિષ્યો રહેતા હતા. વનવાસીએ સમાચાર આપ્યા. ત્યાં દૂર જંગલમાં દવ લાગ્યો હતો અને ઘણાં બધાં દેવદારના વૃક્ષો બળીને ખાખ થઈ ગયા છે.

ગુરુજીએ શિષ્યોને કહ્યું : આપણે એ જ વૃક્ષની છાયામાં રહીએ છીએ. દેવદાર વનના આપણા ઉપર ખૂબ ઉપકાર છે આપણે કાલે જ જઈ એ જગ્યાએ બીજા દેવદારના છોડ વાવીએ...

એક આળશુ શિષ્યો બોલ્યો : ... પણ ગુરુજી ! એ વૃક્ષને મોટાં થતાં તો ૨૦૦ વર્ષ લાગશે!

ગુરુજી કહે : એમ! તો તો આપણે એક પણ ક્ષણ ગુમાવ્યા વિના, આ પળે જ ઉપડી જવું જોઈએ!!

# બિહાર : મહારથીઓ માટે નાકનો સવાલ

## તંત્રીસ્થાનેથી....

બિહાર વિધાનસભાની ચૂંટણી માટે પ્રાદેશિક મુદ્દો નહીં રહેતાં રાષ્ટ્રીય મુદ્દો બની રહેલ છે અને આવનારા દિવસોમાં આખી દુનિયાનું ધ્યાન બિહાર પર કેન્દ્રિત થશે, કારણ કે ત્યાં વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને નીતીશકુમાર-લાલુ યાદવની તાકાતનો ખુલાસો થઈ જવાનો છે. એક રીતે આ જૂના જમાનાના દ્વંદ્વ યુદ્ધ જેવી લડાઈ છે જેમાં બે મુખ્ય પ્રતિસ્પર્ધીઓ પૈકી જે જીતે તે સિકંદર બની જશે અને હારશે એનાં વળતાં પાણી થઈ જશે. નરેન્દ્ર મોદીની જાદુઈ વિજય ક્ષમતાથી ડઘાઈ ગયેલા બે બિહારી એક થઈ ગયા છે. નરેન્દ્ર મોદી હારવામાં માનતા નથી છતાં દિલ્હી વિધાનસભાની લડાઈમાં એમને શરમજનક હાર ખમવી પડી હતી તે આપણે જાણીએ છીએ. જો કે દિલ્હીની હારનો બદલો લેતા હોય એમ મોદીએ હરિયાણા, મહારાષ્ટ્ર અને જમ્મુ-કાશ્મીર તથા ઝારખંડ જેવાં પૂર્ણ રાજયોનો દરજ્જો ધરાવતાં મોટાં રાજયોમાં બઘડાટી બોલાવી દીધી હતી. એથી એમની સામે ઊભો થઈ રહેલો કેજરીવાલ બ્રાન્ડ પડકાર ઘણો ઝંખવાઈ ગયો હતો. પાછળથી કેજરીવાલની માઠી દશા બેસાડવામાં કેન્દ્ર સરકારે પાછું વાળીને જોયું નહોતું, તેની કથા અત્યારે માંડવાનો અર્થ નથી. અત્યારે જે પડકાર ઊભો થયો છે તે હિંદી મેઈન લેન્ડ તરીકે ઓળખાતા બિહાર જેવા મોટા કદના રાજયનો છે અને જેમનો સામનો કરવાનો છે તે મોદી કરતાં સિનિયર, ખાઈ બદેલા ઝુઝારુ લડવૈયા છે. નીતીશકુમાર અને લાલુ યાદવ બેઉ મૂળે જેપી આંદોલનનાં ફરજંદ છે. બદલાતાં સમીકરણો મુજબ એક તબક્કે બેઉ એકમેકના કટ્ટર દુશ્મનો પણ બની રહ્યા હતા. સમય બળવાન છે. સમયે આ પ્રતિસ્પર્ધી નેતાઓને મોદીનો મુકાલબો કરવા એક મંચ પર આવવાની ફરજ પાડી છે. નીતીશ-લાલુ બેઉને ૨૦૧૪ની લોકસભાની ચૂંટણીમાં મોદીએ ધૂળ ચટાડેલી છે. ધાર્યું હોત તો નીતીશકુમાર વિશેષ પૅકેજ મેળવી લઈ વ્યહાત્મક પીછેહઠ કરીને ફરી પાછા એમના જૂના ગઠબંધન એનડીએ સાથે જોડાઈને આરામથી રાજ કરી શકે એમ હતા. પરંતુ બિહારના આ કુર્મી નેતાને મોદીની મહેરબાની પર મુખ્યમંત્રી બનવાનું ન જ ગમે કારણ કે એ કયારેક ખુદ અડવાણી જેવા વરિષ્ઠ નેતાની સાથે નિકટતા ધરાવતા હતા અને મોદીના પ્રતિસ્પર્ધી તરીકે ઊપસી આવ્યા હતા. મોદીને વડાપ્રધાન પદના ઉમેરવાર તરીકે પ્રોજેક્ટ કરાયા તે નીતીશ જીરવી શકે એમ ન હતા. બિહાર જેવા ખાડે ગયેલા રાજયને વિકાસના ધોરી માર્ગ પર ચડાવનાર નેતા તરીકે એમને વૈશ્વિક પ્રસિદ્ધિ સાંપડેલી છે. પરંતુ ગત લોકસભાની ચૂંટણીમાં ઊંધે માથે પટકાયા પછી નીતીશના ભાથામાંથી તીર ઓછાં થતાં રહ્યાં છે. કઠોર જમીની વાસ્તવ સમજનારા બિહારી નેતાએ એથી સ્તો લાલુ યાદવ અને કોંગ્રેસ સાથે મહાગઠબંધન રચવામાં શ્રેય જોયું છે. મહાગઠબંધન મૂળે સમાજવાદી નેતા મુલાયમસિંહનો સંકલ્પ છે. બિહારમાં કેવું પરિણામ સાંપડે છે એના પરથી એનું ભવિષ્ય નિર્ધારિત થશે. જો સફળતા સાંપડશે તો મમતા બેનરજી અને નવીન પટનાયકની પ્રાદેશિક પાર્ટીઓ પણ એમની સાથે જોડાશે. પટનાના ગાંધી મેદાનમાં યોજાનાર રેલીમાં મુલાયમસિંહે જાતે હાજર રહેવાને બદલે એમના નાના ભાઈ શિવપાલ યાદવને મોકલ્યા. સોનિયા ગાંધીની હાજરીથી મહાગઠબંધનને રાષ્ટ્રીય દરજ્જો સાંપડ્યો છે. મહાગઠબંધને ઉમેદવારોની વહેંચણી કરી દીધી છે અને નીતીશકુમાર એના મુખ્યમંત્રી પદના ઉમેદવાર છે. સામે ભાજપ માટે મુખ્યમંત્રી પદ માટે કોઈ ચહેરો જ નથી અને સાથી પક્ષો વચ્ચે ટિકિટોની ખેંચતાણ ઉપરાંત મુખ્યમંત્રી પણ માટે પણ હોડ મચી છે. મોદી જ એમના તારણહાર છે. મહાગઠબંધનની રેલીની પૂર્વ સંધ્યાએ જ જદ(યુ) અને રાજદના કેટલાક ધારાસભ્યોને ભાજપમાં ભેળવી દઈ મોદીએ એમની તાકાતનો પરચો બતાવી દીધો છે. ત્રણ મહારથીઓ માટે બિહાર એ નાકનો સવાલ બની રહે છે.

# આપણા જ રાજયનું નુકશાન કરીને આપણને શું ફાયદો મળે એટલો સીધો-સાદો વિચાર તો આપણા મનમાં જાગૃત થવો જો જોઈએ!



## WhatsApp ઑફ ધી વીક

નેહલ ગઢવી

*"આખી દુનિયા વ્યસ્ત છે સોદાબાજીમાં...*
*ને*
*હું લઈને નીકળ્યો છું,*
*પ્રાઈઝ-ટૅગ વગરની થોડીક લાગણીઓ....!"*

આજકાલ દરેક વસ્તુનું એક મૂલ્ય અંકાય છે, તે પ્રાઈઝ-ટૅગ સાથે આપણી સામે આવે છે! બિલકુલ **free of coast** હવે જાણે કશું રહ્યું જ નથી! કોઈ પણ વસ્તુ જોઈએ તો તેના માટેની યોગ્ય કિંમત ચૂકવો અને મનગમતી વસ્તુ તમારી! માત્ર ઈશ્વરની રચેલી આ સુંદર સૃષ્ટિના વૈવિધ્યનો કોઈ **tax** આપણે ચૂકવતા નથી કે સમાજના વિવિધ વર્ગના લોકો માટે તેની માત્રામાં કોઈ વધ-ઘટ નથી! ઉષા-સંધ્યાના રંગો હોય કે ઉગતા સૂર્યની લાલીમા હોય; પવનમાં ફરફરતા ફૂલછોડ હોય કે પર્વતોનાં શિખર એ તમામ સજીવસૃષ્ટિ માટે એકસમાન અને સાવ મફતમાં મળેલી ઈશ્વરી ભેટ છે! કયારેય એમાં એવો કોઈ ભેદ રહ્યો જ નથી!

ગત સપ્તાહ આપણા સૌના માટે ખૂબ તનાવપૂર્ણ રહ્યું! એક અજંપાભરી સ્થિતિ સમગ્ર રાજયમાં જોવા મળી! ધંધા-રોજગાર ઉપરાંત **Whats app** અને ફેસબુક પણ સંપૂર્ણપણે બંધ રહ્યું! આવા સમયે વાંક કોનો હતો અને શું યોગ્ય-અયોગ્ય હતું એ ન વિચારતાં આપણે આપણા અંતરઆત્માને પૂછીએ કે પ્રાઈઝ-ટૅગ વિનાની લાગણીઓ આપણા જીવનમાં કેટલી છે? આપણે એક સંયુક્ત પરિવારમાં રહેતા હોઈએ અને કોઈ વાર પરિવારના એકાદ સભ્યની લાગણી દુભાય કે અન્ય સભ્યને પરિવારમાં વધુ સુખ-સુવિધાઓ મળે છે એમ તેને લાગે, તો તે પોતાનો રોષ વડીલો સમક્ષ વ્યક્ત કરે; બહિષ્કાર પણ કરે ત્યારે ઘરનું વાતાવરણ થોડું ડહોળાય! પણ લાગણીઓ અને સંવેદનાઓને પ્રાધાન્ય આપવામાં આવે તો ઘરમેળે ચર્ચા-વિચારણા દ્વારા વાદનો અંત લાવી શકાય! જયારે આ પ્રકારનો વિરોધ ઘરમાં થાય ત્યારે વિરોધ કરનાર વ્યક્તિ આડેધડ ઘરમાં રહેલી ચીજ-વસ્તુઓની તોડફોડ કરીને પોતાનું જ નુકસાન કરતી નથી! તે જ પ્રમાણે વડીલો પણ દમનપૂર્વક વિરોધ કરનારાને માર મારીને કે હિંસાત્મક રીતે દબાવી દેવાના પ્રયત્નો કરતા નથી! ઘરની આ બાબતનો ઉકેલ લાવવામાં ઘરના જ બારી-બારણાં, ટીવી, ફ્રીજ કે ફર્નિચર તોડી નાખવામાં આવે તે બાબત સાંભળવામાં પણ આપણને બાલિશ તેમજ હાસ્યાસ્પદ લાગે છે તો સમાજના એક સંવેદનશીલ નાગરિક તરીકે અને જવાબદાર વ્યક્તિત્વ તરીકે આપણા જ રાજયના બસ, બસ-સ્ટેન્ડ્સ તેમજ ગાડીઓની આડેધડ તોડફોડ દ્વારા આપણે શું સાબિત કર્યું? આપણા જ રાજયનું નુકશાન કરીને આપણને શું ફાયદો મળે એટલો સીધો-સાદો વિચાર તો આપણા મનમાં જાગૃત થવો જો જોઈએ!

સૉશિયલ મીડિયા અને ઈન્ટરનેટ બંધ કરી દેવાની ફરજ જણાય તેનો અર્થ પણ એ જ થાય કે સંવેદનાઓને ફેલાવતા આ માધ્યમનો પણ આપણે અયોગ્ય ઉપયોગ કર્યો! શાંતિની અપીલ કરતા મેસેજીસની સાથોસાથ કયાં કેટલું નુકશાન થયું કે તોડફોડ થઈ તે મેસેજીસ પણ કોઈ પણ જાતના ખરાઈ કર્યા વિના જ એકબીજાને ફોરવર્ડ કર્યા! પરિણામે, વાત સુધરવાને બદલે વધુ વણસી ગઈ! આપણો દેશ હમણાં જ ૧૫મી ઑગસ્ટનો ધામધૂમથી ૬૯માં સ્વતંત્રતા દિની ઊજવણી કરી રહ્યો હતો! સમગ્ર ગુજરાત પણ તેમાં કયાં પાછળ રહ્યું હતું? આપણે સૌએ પણ દેશની આન બાન અને શાનને ઉજાગર કરતા સુંદર મેસેજીસ એકબીજાને ફોરવર્ડ કર્યા હતા અને હજુ તો ઑગસ્ટ મહિનો પૂરો પણ ન થયો ત્યાં આ તમામ લાગણીઓ ભૂલી બેઠા ? દરેક વ્યક્તિને પોતાની વાત રજૂ કરવાનો હક્ક છે પરંતુ, રજૂઆત જેની સામે કરી રહ્યા છીએ તે પણ આપણામાંના જ એક છે તેમ સમજવું પણ જરુરી છે! માનવીની સંવેદના અને લાગણીનું કોઈ મૂલ્ય નથી. કોઈ પણ નિર્દોષ વ્યક્તિને નુકશાન ન થાય તે જોવાનું અને સમજવાનું કાર્ય આપણા સૌનું સહિયારું છે! એક જ સોસાયટીમાં હળી-મળીને સાથે રહેતા આપણે આપણી સંવેદનાને પ્રાઈઝ-ટૅગ લગાવતા શી રીતે થઈ શકીએ?

અનુસંધાન પાના નં. ૭ પર

# ગોવાના બબ્બે મુખ્યમંત્રીઓ સામે કરોડોનાં લાંચ કૌભાંડ



## અતિતની આજ

ડૉ. હરિ દેસાઈ

ભારતનું બટુક રાજય ગોવા આજકાલ એના બબ્બે પૂર્વ મુખ્યમંત્રીઓને સંડોવતા કરોડો રૂપિયાના લાંચકૌભાંડ જ નહીં, વર્તમાન મુખ્યમંત્રીના સાઢુભાઈના લાંચકાંડથી ચર્ચામાં છે. હજુ માંડ ૫૪ વર્ષ પહેલાં લશ્કરી કાર્યવાહીથી ભારતમાં ભેળવાયેલું અગાઉનું પોર્ટુગાલ-શાસિત ગોવા સાવ ટચુકડું રાજય છે. આયારામ-ગયારામની રાજકીય પરિસ્થિતિ થકી સત્તાપલટાઓની પરંપરા અને ભ્રષ્ટાચાર તેમ જ લાંચકાંડથી એ કાયમ ફાટફાટ થતું રહ્યું છે. ક્યારેક સોનાની દાણચોરી માટે નામચીન ગણાતા ચર્ચિલ આલેમાવ ૧૮ દિવસ માટે ગોવાના મુખ્યમંત્રી બન્યા હતા. આજે એ લુઈસ બર્જર કથિત લાંચ પ્રકરણમાં જેલવાસ ભોગવી રહ્યા છે. એમનું રાજકીય ગોત્ર કૉંગ્રેસ છે. આજકાલ પશ્ચિમ બંગાળનાં મુખ્યમંત્રી મમતા બેનરજીની તૃણમૂલ કૉંગ્રેસ સાથે સંકળાયેલા રહ્યા છે. એ કૉંગ્રેસી સાંસદ, ધારાસભ્ય અને ગોવાના પ્રધાન પણ રહ્યા છે. ચર્ચિલનું કહેવું છે કે એક જ સમાન ગુનો કરનારા બે આરોપી માટે અલગ અલગ ન્યાય કેમ ચાલે? એ વેળા હું જાહેર બાંધકામ ખાતાનો પ્રધાન હતો, પણ મારા મુખ્યમંત્રી અને નાણાંપ્રધાન તો દિગંબર કામત હતા. મને જેલ અને કામતને જામીન એ તો હળાહળ અન્યાય છે!

**કૉંગ્રેસી ગોત્રના દિગંબર કામત દાયકા કરતાં વધુ સમય ભાજપના નેતા અને પ્રધાન પણ રહ્યા!**

ગોવાની વિશાળ જળ યોજનાનો કરાર મેળવવા માટે અમેરિકી કંપની લુઈસ બર્જરે ૬ કરોડ રૂપિયા કરતાં પણ વધુ રકમની લાંચ ગોવાના રાજકીય શાસકોને ચુકવી હોવાનું પ્રકરણ ગોવાની ક્રાઈમ બ્રાન્ચ પોલીસની તપાસ હેઠળ હતું. ચર્ચિલને જેલભેગા કરવામાં આવ્યા અને તપાસ આગળ ચાલી રહી હતી ત્યાં અદાલતના ન્યાયાધીશ બી.પી.દેશપાંડેએ પૂર્વ મુખ્યમંત્રી દિગંબર કામતને આગોતરા જામીન આપ્યા એટલે વિવાદ વધુ વણસ્યો.

ગોવામાં અત્યારે ભારતીય જનતા પક્ષ અને મહારાષ્ટ્રવાદી ગોમાંતક પાર્ટીની સંયુક્ત સરકાર છે. વર્ષ ૨૦૧૨માં ગોવા વિધાનસભાની ચૂંટણીમાં ૪૦માંથી ૨૧ બેઠકો મેળવીને ભાજપ સત્તાનો દાવો કરી શકી. એની સાથે મ.ગો.પા.ના ત્રણ ધારાસભ્યો પણ જોડાયેલા છે. ૨૦૧૨ની વિધાનસભાની ચૂંટણીનાં પરિણામ લગી અહીં કૉંગ્રેસની અને એના મુખિયા દિગંબર કામતની સરકાર હતી. આ કામત ૧૯૯૪થી ૨૦૦૫ સુધી ભાજપમાં હતા. ૨૦૧૨ની ચૂંટણીના પગલે મુંબઈ આઈઆઈટીના સ્નાતક અને ભ્રષ્ટાચારમુક્ત છબિ ધરાવતા મનોહર પર્રીકરની સરકાર બની. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ આગ્રહ કરીને પર્રીકરને ભારતના સંરક્ષણ પ્રધાન બનાવ્યા એટલે નવેમ્બર ૨૦૧૪થી ગોવામાં લક્ષ્મીકાંત પાર્સેકરની સરકાર બની.

ગોવા ભાજપમાં રાષ્ટ્રીય સ્વયંસેવક સંઘનો પ્રભાવ તો કાયમ રહ્યો છે, પરંતુ એની વર્તમાન રાજ્ય સરકારમાં નાયબ મુખ્યમંત્રી તરીકે જવાબદારી નિભાવતા રોમન કૅથલિક ધારાસભ્ય ફ્રાન્સિસ ડિ'સોઝા તો જુલાઈ ૨૦૧૪માં ભારતને 'હિંદુરાષ્ટ્ર' ગણાવીને અને ખ્રિસ્તીઓ માટે 'ખ્રિસ્તી-હિંદુ' શબ્દપ્રયોગ માટે વિવાદમાં આવ્યા હતા. સ્વયં પર્રીકર સંઘના સ્વયંસેવક હોવા છતાં ગોવાના ખ્રિસ્તી સમુદાયના આર્કબિશપના કૃપાપાત્ર છે. દિલ્હીમાં પ્રધાનપદે જતાં પૂર્વે એ આર્કબિશપના આશીર્વાદ લઈને જ ગયા હતા. અત્યારના મુખ્યમંત્રી પાર્સેકરની સરકારમાં ભાજપનાં શ્રીમતી અલિના સલધાના અને અપક્ષ ધારાસભ્ય અવેર્તાના ફુર્તેદો એ બે બીજાં ખ્રિસ્તી પ્રધાન ઉપરાંત મ.ગો.પા.ના ત્રણમાંથી બે ધારાસભ્યો પણ પ્રધાન છે.

ગોવાના બહુચર્ચિત લાંચકાંડમાં સપડાયેલા દિગંબર કામત પણ ભાજપના નેતા જ નહીં, પ્રધાન તરીકે ય રહ્યા છે. ૧૯૯૪માં કૉંગ્રેસ થકી એમની વિધાનસભાની ટિકિટ કાપી નાંખવામાં આવતાં એમણે કૉંગ્રેસને અલવિદા કરીને ભાજપમાં જોડાવાનું પસંદ કર્યું હતું. છેક ૨૦૦૫ સુધી એ ભાજપમાં રહ્યા. એ પછી સ્વગૃહે પાછા ફર્યા અને જુલાઈ ૨૦૦૭થી ૨૦૧૨ સુધી કૉંગ્રેસની સરકારના મુખ્યમંત્રી રહ્યા. અત્યારે એ વિપક્ષમાં મડગાંવના કૉંગ્રેસી ધારાસભ્ય તરીકે બેસે છે. જ્યારે અત્યારે જેલવાસ ભોગવી રહેલા ચર્ચિલ આલેમાવ ગોવા વિધાનસભાની છેલ્લી ૨૦૧૨ની ચૂંટણીમાં હારી ગયા હોવાથી છેલ્લાં ત્રણ વર્ષથી ના તો ધારાસભ્ય છે કે ના સાંસદ.

દેશના વડાપ્રધાન નરેન્દ્ર મોદીના રાજકીય ભવિષ્ય માટે પણ ગોવા ખૂબ જ નિર્ણાયક સાબિત થયું છે. વર્ષ ૨૦૦૨ના ગોધરા-અનુગોધરા કાંડ પછી ભાજપની ગોવામાં મળેલી રાષ્ટ્રીય કારોબારી વખતે 'રાજધર્મ' નિભાવવા ગુજરાતના મુખ્યમંત્રી તરીકે તત્કાલીન વડાપ્રધાન અટલ બિહારી વાજપેયીના ઈશારે રાજીનામું આપવાનો પ્રસંગ આવ્યો ત્યારે એ વેળાની ભારત સરકારમાં અટલજીના ડૅપ્યુટી અને પ્રભાવી ભાજપી નેતા લાલકૃષ્ણ આડવાણીએ મોદીને બચાવી લીધા હતા. છેલ્લે ગોવામાં જ મોદીને ભાજપના વડાપ્રધાનપદના ઉમેદવાર જાહેર કરાયા ત્યાર સુધીમાં તો આડવાણી વંકાઈ ચુક્યા હતા; પરંતુ તત્કાલીન મુખ્યમંત્રી મનોહર પર્રીકરે બાજી બરાબર સંભાળી લીધી હતી. ગોવામાં ભાજપનાં મૂળિયાં વધુ મજબૂત કરવાનું શ્રેય મનોહર પર્રીકરને આપવું પડે.

૧૯૬૧માં ગોવા,દમણ અને દીવ ભારતનું અંગ બન્યું ત્યારે મુખ્યમંત્રી તરીકે મગોપાના દયાનંદ બાંદોડકર અને એમના પછી તેમનાં દીકરી શશિકલા કાકોડકરની મુખ્યમંત્રી તરીકે બોલબાલા હતી. ગોવાના આયારામ-ગયારામના રાજકારણમાં ભાજપને સૌપ્રથમવાર નવેમ્બર ૧૯૯૯માં ગોવા પીપલ્સ કૉંગ્રેસના ફ્રાન્સિસ્કો સારદિનાને ટેકો આપીને મુખ્યમંત્રી

**ગોવા નરેન્દ્ર મોદીના રાજકીય ભવિષ્ય માટે કાયમ નિર્ણાયક બની રહ્યું છે**

બનાવવાની તક મળી ત્યારથી અહીંના રાજકારણમાં ભાજપની વગ વધી. ઑક્ટોબર ૨૦૦૦ સુધી સારદિના મુખ્યપ્રધાન રહ્યા. એમના અનુગામી તરીકે ભાજપના મનોહર પર્રીકર ૨૪ ઑક્ટોબર ૨૦૦૦ના રોજ વરાયા. તેમની સરકારમાં દિગંબર કામત પ્રધાન હતા. ૨ ફેબ્રુઆરી ૨૦૦૫ સુધી એ મુખ્યમંત્રી રહ્યા. પર્રીકર પછી કૉંગ્રેસના પ્રતાપસિંહ રાણે ફરી મુખ્યમંત્રી બન્યા અને ૮ જૂન ૨૦૦૭ સુધી એ હોદ્દે રહ્યા. ૮ જૂન ૨૦૦૭થી ૯ માર્ચ ૨૦૧૨ દરમિયાન કૉંગ્રેસના મુખ્યમંત્રી તરીકે દિગંબર કામતે ગોવાનું શાસન કર્યું. ૨૦૧૨ની ચૂંટણીમાં કૉંગ્રેસનો રકાસ થયો અને ભાજપનો વિજય થતાં પર્રીકર ફરીને ૯ માર્ચ ૨૦૧૨થી ૮ નવેમ્બર ૨૦૧૪ સુધી અને એ દિલ્હી જતાં તેમના જ પક્ષના પાર્સેકર ૮ નવેમ્બર ૨૦૧૪થી ગોવાના મુખ્યમંત્રીપદે છે.કેન્દ્ર અને રાજ્ય બેઉમાં ભાજપ સત્તારૂઢ હોવાને કારણે કામત કે આલેમાવને માટે બચવાનું મુશ્કેલ છે; કારણ હવે તેમના ગૉડફાધર તેમના તારણહાર બનવાની સ્થિતિમાં નથી.

# બિનવસીયત ગુજરનારની મિલ્કતમાં વિધવાને હક્ક



## કાયદો અને કાનૂન

અશ્વિન ત્રિવેદી

**જો વસીયત ના કરેલ હોય તો પતિની મિલ્કતમાં વિધવા, ત્યકતા તથા પુનઃ લગ્ન કરનાર પત્નીને મિલ્કતમાં હક્ક, અધિકાર છે**

હિન્દુ વારસા અધિનિયમ ૧૯૫૬ માં હિન્દુ પુરૂષ બિનવસીયતે મૃત્યુ પામે ત્યારે મરનારની મિલ્કત તેના વારસદારો વચ્ચે સરખા ભાગે વહેચવામાં આવે છે. મરનાર વ્યકિતએ છૂટાછેડા લીધેલ હોય તો તેની પૂર્વ પત્ની તેમન તેની વિધવા તેમજ અગાઉની પત્નીએ પુનઃ લગ્ન કરેલ હોય તો પણ મરનારની મિલ્કતમાં વારસા હક્કે ભાગ મેળવવા હક્કદાર બને છે.

હિન્દુ વારસા અધિનિયમ ૨૦૦૫ ની સુધારણાથી આ હિન્દુ વારસા હક્ક અધિનિયમની કલમ ૨૪ કાઢી નાખવામાં આવેલ છે, રદ કરવામાં આવેલ છે જેનો અમલ ૯/૯/૨૦૦૦ થી થયેલ છે. આથી કોઈ હિન્દુ પુરૂષ ગુજરી જાય તો પુનઃ લગ્ન કરનાર વિધવાને ગુજરનાર પતિની બિનવાસાયની મિલ્કતમાં વારસો મેળવવા હક્કરદાર બને છે આ ઉપરાંત ગુજરનાર પતિની ત્યકતા પત્ની પણ જો કાયદેસર રીતે છુટાછેડા ના મેળવ્યા હોય તો તે પણ મિલ્કતમાં વારસો મેળવવા હક્કદાર બને છે.

જયારે કોઈ વ્યકિત યુવાન વયે મૃત્યુ પામે અથવા અકસ્માતે મોત નિપજે તેવા સંજોગોમાં તેણે વીલ બનાવેલ ના હોય તે સ્વાભાવિક છે. ત્યારબાદ તેના વારસા હક્ક અંગે ઘણી સમસ્યાઓ ઉભી થાય છે જયારે ગુજરનાર વ્યકિતના તેની પત્ની સાથેના અણબનાવ કે કાનૂની કેસો ચાલતા હોય અથવા પતિ કે પત્ની વર્ષોથી જુદા રહેતા હોય પરંતુ છુટાછેડા મેળવેલ ના હોય તેવા કિસ્સામાં ગુજરનારની પત્ની બિનવસીયત મિલ્કતની વારસદાર બને છે.

પતિ પત્નીના છૂટાછેડા ના થયા હોય અને કોર્ટ કેસ ચાલતા હોય તેવા સંજોગોમાં ગુજરનારની વિધવા તરીકે કાયદેસરનો વારસો જુદી રહેતી પત્નીને મળે છે.

પતિ પત્ની વચ્ચે કૌટંબીક કારણોસર તકરાર ઉભી થયાના કારણે એકબીજાથી વરસોથી જુદા રહેતા હોય અને લગ્નજીવનના હક્કો પણ ભોગવેલ ના હોય કોઈ જ લાગણી કે વહેવારના હોય માત્ર છૂટાછેડા ન થયા હોવાના કારણે પતિ પત્ની તરીકેનં સ્ટેટસ ધરાવતા હોય તે દરમ્યાન પતિનું મૃત્યુ થાય અને બિનવસીયત ગુજરી જાય તો મરનારની મિલ્કતમાં વિધવા તરીકે પત્નીને હક્ક મળે છે.

જયારે કોઈની પત્ની બદચલન હોવાનં સાબીત થાય અથવા પતિ સીવાય અન્ય સાથે સંબંધ ધરાવતી હોય અને તેવા સંજોગોમાં પતિ તેની પત્નીનો ત્યાગ કરે અને પત્નીને પોતાના મકાનમથી કાઢી મુકે અને પતિ બિનવસીયત ગુજરી જાય તો તેના કાયદેસરના વારસ તરીકે પત્નીનો સ્વીકાર થાય છે.



જયારે કોઈ પતિના મૃત્યુ બાદ વિધવા પુનઃ લગ્ન કરે છે અને તેના બીજા પતિના મકાનમાં રહેવા જાય અને પોતાના નામ પાછળ બીજા પતિનું નામ તથા અટક વાપરવામાં આવે તો પણ તેવી પુનઃ લગ્ન કરેલ વિધવાને પણ તેના પ્રથમ પતિના બિનવસીયત ગુજરવાથી મિલ્કતમાં હક્ક મળે છે.

જયારે પતિના મૃત્યુ બાદ વિધવા પોતાના પિયર રહેતી હોય અને તેના સંતાનો તેના સાસુ સસરા સાથે રહેતા હોય તેવી વિધવાના પોતાના સંતાનો કે સાસુ સસરાના યાને ગુજરનારના માતા પિતાની દેખરેખ કે કાળજી રાખતી ન હોય તો પણ તેને ગુજરનારની વિધવા તરીકે પતિની બિનવસીયત મિલ્કતમાં વારસો મેળવવા હક્કદાર બને છે.

ગુજરનાર વ્યકિતની પત્ની યાને વિધવા તરીકે વારસાઈથી મળવાપાત્ર પ્રથમ વર્ગના વારસદારો સહિત સમાન હિસ્સો સરખે હિસ્સે વારસા હક્કે પ્રાપ્ત થાય છે.

હિન્દુ વારસા અધિનિયમ મુજબ વારસદારોનું વર્ણીકરણ માતા, વિધવા પત્ની, પુત્ર, પુત્રી અગાઉ મૃત્યુ પામેલા પુત્રનો પુત્ર અગાઉ મૃત્યુ પામેલી પુત્રની પુત્રી અને પુત્રીનો પુત્ર, અગાઉ મૃત્યુ પામેલ પુત્રની વિધવા, અગાઉ મૃત્યુ પામેલ તેની પુત્રીનો પુત્ર અને અગાઉ મૃત્યુ પામેલ તેના પુત્રની વિધવા એ રીતે સીધી લીટીના વારસદારોનું વર્ગીકરણ કરેલ છે.

બિનવસીયતે ગુજરનાર હિન્દુ પુરૂષની વિધવાને એકભાગ પરંતુ એક કરતા વધુ વિધવાઓ હોય તો એક સાથે મળીને એક ભાગ મળશે. હિન્દુ પુરૂષના પુત્રો, પુત્રીઓ અને માતાને દરેકને એક એક ભાગ મળે અગાઉ ગુજરી ગયેલ પુત્ર, પુત્રીના પુત્ર, પુત્રીને વચ્ચે એક ભાગ મળે.

ઉપરોકત જોગવાઈ ધ્યાનથી જોતા જણાશે કે પિતાની હયાતીમાં ગુજરી જનાર પુત્રની મિલ્કતમાં પિતાને વારસદાર ગણવામાં આવેલ નથી એટલે કે પિતાની હયાતીમાં ગુજરી જનાર પુત્રની મિલ્કતમાં પિતાને હક્ક, અધિકાર પ્રાપ્ત થતો નથી.

હિન્દુ વારસા અધિનિયમ ૨૦૦૫ ની કલમ-૫ ની સુધારણાથી હિન્દુ વારસા હક્ક અધિનિયમની કલમ-૨૪ કાઢી નાખવામાં આવેલ છે, રદ કરવામાં આવેલ છે. પતિની બિનવસીયત મિલ્કતમાં ગુજરનારની વિધવા તરીકે વારસો મેળવવા વિધવાઓ તથા ત્યરતાઓ હક્કદાર બને છે.